| Innovation ID | DTP0010000002799 | Sr No : 1 |
|---|---|---|

**Innovation Title** પશુને ઉધરસ (Cough)

**Category** પશુ સંવર્ધન

**Notebook Number** lok (૫) ૧, Jan- Feb-૨૦૦૦, Pg No. ૯

**Brief** પશુને ઉધરસ (Cough) આવે તો સરગવા (<i>Moringa oliefera</i>) અને સોખંડાની છાલ તથા રતનજોડ (<i>Jatropha curcas</i>)ના મૂળનો ઉપયોગ

**Detail** પશુના ફેફસા અને શ્વાસ નલિકામાં સોજો આવવાને કારણે પશુને ઉધરસ (Cough) આવે છે, જેને બ્રોન્કોન્યુમોનિયા કહે છે. પશુને શિયાળાની ઋતુમાં ઠંડો પવન લાગી જાય અથવા તો કોઈ પણ જાતનો અતિશ્રમ થયો હોય ત્યારે આ રોગ માટે જવાબદાર જીવાણું તથા વિષાણુનો ચેપ સરળતાથી લાગે છે. પરિણામે પશુને આ રોગ લાગુ પડે છે. આ રોગમાં પશુને અવારનવાર ખાંસી આવે છે. તથા નાકમાંથી ચીકણો સ્ત્રાવ નીકળે છે. શ્વાસ લેતી વખતે અવાજ આવે છે અને પશુ માથું નીચે નમાવીને રાખે છે.

નવસારી જિલ્લાના પશુપાલક શ્રી ગંગુભાઈ પશુની ઉધરસની સારવારમાં સરગવા (<i>Moringa oliefera</i>), અને સોખંડાની છાલ તથા રતનજોડ (<i>Jatropha curcas</i>)ના મૂળનો ઉપયોગ કરે છે. સરગવા અને સોખંડાની છાલ ૧૦૦-૧૦૦ ગ્રામ તથા રતનજોડના મૂળ આશરે ૫૦ ગ્રામ જેટલા લઈ, વાટીને બારીક ચૂર્ણ જેવું બનાવવુ. તેમાં ૪૦૦ મિ.લિ. જેટલું પાણી ઉમેરી આ મિશ્રણને ૧૫-૨૦ મિનિટ ઉકાળવામાં આવે છે. આ ઉકાળાને ગળણીથી ગાળીને ઠંડો પાડ્યા બાદ મોટા પશુને નાળથી દિવસમાં એકવાર પીવડાવવામાં આવે છે. આ પ્રમાણે ૩ થી ૪ દિવસ સુધી ઉપચાર કરવાથી પશુને ઉધરસ મટી જાય છે. આ પદ્ધતિ પરંપરાગત છે. આ ઉપચાર મનુષ્ય માટે પણ ઉપયોગી છે.

**Method of Use**

**Caution**

**Benefit**

**Condition**

**Material Used** સરગવો (<i>Moringa oliefera</i>), સોખંડાની છાલ તથા રતનજોડ (<i>Jatropha curcas</i>)

**IPR Status**

**Keywords** ઉધરસ, Cough, પશુ, સરગવો, <i>Moringa oliefera</i>, સોખંડા, છાલ, રતનજોડ, <i>Jatropha curcas</i>, મૂળ, નવસારી

| Member ID | DTP૦૦૧૦૦૦૦૦૦૨૭૪૦ | Member Type | Innovator | | |
|---|---|---|---|---|---|
| First Name | ગંગુભાઈ | Middle Name | બાપુભાઈ | Last Name | માહલા |
| Profession | ખેતી,પશુપાલન | Designation | ખેડૂત,પશુપાલક | | |
| Address 1 | | | | | |
| Village | મુ. ગંગપુર | Taluka | વાંસદા | | |
| District | Navsari | State | Gujarat | Country | India |
| Biography | | | | | |

| Member ID | DTP૦૦૧૦૦૦૦૦૦૨૭૪૧ | Member Type | Scout | | |
|---|---|---|---|---|---|
| First Name | મંજુલા | Middle Name | | Last Name | ગાંવિત |
| Profession | | Designation | | | |
| Address 1 | | | | | |
| Village | | Taluka | | | |
| District | | State | Gujarat | Country | India |
| Biography | | | | | |